# OKC સાયન્સ ક્વિઝ-2018

કિસાન માધ્યમિક વિદ્યાલય તારીખ **4/12/2018** ના રોજ સાયન્સ ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રસ એક્ઝામ ગોઠવવામાં આવી હતી. જેમાંથી **12** વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. આ ૧૨ વિદ્યાર્થીઓને અલગ-અલગ ત્રણ ગ્રુપમાં વેચીને ત્રણ ટીમ બનાવવામાં આવી હતી. ન્યુટન- આઈન્સ્ટાઈન અને અબ્દુલ કલામ જેવા ટીમના નામ આપવામાં આવ્યા હતા. સમગ્ર સાયન્સ ક્વિઝ નું સંચાલન માધ્યમિક વિભાગના એચ.આર. પંચાલ તથા ડી.એચ .વણકર અને તુષાર ગોસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તાર્કિક અને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિતના પ્રશ્નો તથા જનરલ નોલેજ માટે જી.કે ના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સાથે અંગ્રેજી પર પ્રભુત્વ કેળવાય તે માટે અંગ્રેજીના પ્રશ્નોને પણ આ ક્વિઝમાં આવરી લેવામાં આવ્યા હતા. વિવિધ પ્રકારના **5** રાઉન્ડ ગોઠવવામાં આવ્યા હતા. અને અંતે અબ્દુલ કલામ ટીમ નંબર ત્રણ વિજય બની હતી. જેમાં **(1)**પટેલ હેત્વી **(2)**પટેલ વૈશ્વિ **(3)**પ્રજાપતિ અંજલી **(4)**પ્રજાપતિ આનંદ નો સમાવેશ થાય છે. શાળા પરિવાર તરફથી આ ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




